


# પતિ રણધીર રાજકપૂર જેટલા સફળ ન હતા તે બબીતાને ગમ્યું ન હતું



યાદોં કી બારાત

કરીના કપૂર માટે દીવાના થનારાની સંખ્યા આજે પણ ઓછી નથી અને કરિશ્મા કપૂરે પણ ઘણાને ઘાયલ કરેલા પણ કરિશ્મા-કરીનાથી ઘાયલ થનારાને ખબર નથી કે તેમની મમ્મી બબીતા જેવા ફિલ્મમાં આવતી ત્યારે કેટલાં જુવાનો ઘાયલ થતાં. આજે કેટરીનાથી માંડી ઘણી હીરોઈનો છે જેમની મા બ્રિટનનાં કોઈ દેશોની હોય ને પિતા ભારતીય. બબીતાનાં પિતા હરિ શિવદાસાની સિંધી હતા અને મા કે જેનું નામ બાર્બરા હતું તે બ્રિટીશ ખ્રિસ્તી હતી. બબીતાનાં પિતા કરાંચીના હતા અને દેશના ભાગલા વખતે ભારત આવી ગયેલા. તે અને તેમના ભાઈ શિવરામ દાસાની કે જેની દિકરી સાધનાનો ય હીરોઈન તરીકે ભારે દબદબો થયેલો.

ઈન્ડિયા આવેલા સિંધીમાંથી ઘણાં ફિલ્મ જગતમાં સેટ થયા તેમાં રમેશ સીપ્પીના પિતા જી.પી.સીપ્પીથી માંડી આ શિવદાસાની. ( તે વખતે શીલા રામાણી, ભુદો અડવાણી હતા આજે રાજકુમાર હીરાની, તમન્ના ભાટિયા, વાસુ ભગનાની, કુમાર તૌરાની જેવા ઘણાં છે) આ હરિ શિવદાસની પણ અભિનેતા હતા એટલે બબીતા ફિલ્મોમાં આવે તે નક્કી હતું. 20 એપ્રિલ 1947માં જન્મેલી બબીતા 1966ની ફિલ્મ 'દસ લાખ'માં પહેલીવાર આવી. આ પહેલી જ ફિલ્મ ખૂબ સફળ રહી પછી તેણે પાછું ફરીને જોવાનું રહ્યું નહીં. એ જ વખતે રાજેશ ખન્ના સાથે તેની 'રાઝ' ફિલ્મ આવી જેના દિગ્દર્શક મૂળ ગુજરાતી રવિન્દ્ર દવે હતા અને પણ પહેલી સફળ ફિલ્મ 'ફર્ઝ'થી માંડી 'હસીના માન જાયેગી', 'કિસ્મત', 'એક શ્રીમાન એક શ્રીમતી', 'ડોલી', 'કબ, ક્યું ઔર કહાં', 'બનફૂલ', જેવી 19 ફિલ્મો તેના નામે ચડી ગઈ.

ઐશ્વર્યા માટે બચ્ચન કુટુંબની પુત્રવધુ બનવું જેમ બહુ મોટી ઘટના છે તેમ તે વખતે બબીતાએ રણધીર કપૂર સાથે લગ્ન કરી કપૂર કુટુંબની પુત્રવધુ બની એ મોટી ઘટના હતી. ખાસ કરીને તેના અંગત જીવનની. રણધીરના પ્રેમમાં પડ્યા પછી તે ભલે પરણી હોય પણ રાજકપૂરના દિકરા સાથે તે પરણી રહી છે એવું તેણે સભાનપણે વિચાર્યુ હતું પરંત રણધીર સાથે તે બહુ વખત સુધી સંબંધ નિભાવી શકી નહોતી. સફળ અભિનેત્રી તરીકે તે સ્વતંત્રતા માણી રહી હતી અને રણધીરને સંગમ દરમ્યાન મળી પછી કલ આજ ઔર કલ સુધીમાં વધારે નિકટમાં આવી અને 6 નવેમ્બર 1971માં પરણી ગઈ. તે પહેલા 12 મે, 1971માં બબીતાના ઘરે તેઓ પરણ્યા હતા) રણધીર કોઈ ગ્રેટ અભિનેતા નહોતો અને ફિલ્મોમાં જરૂર કામ કરતો હતો પણ ટોપ સ્ટાર નહોતો. બબીતાની સફળતા સામે રણધીરની સફળતા



નિર્માતા જી. પી. સિપ્પી જેવા સિંધી જ હતા. રાજેશ ખન્નાની રજૂ થયેલી પહેલી ફિલ્મ ભલે 'આખરી ખત' હોય પણ હકીકતે 'રાઝ' તેની પહેલી ફિલ્મ હતી. એટલે કે ભવિષ્યમાં સુપર સ્ટાર પુરવાર થવાનાં હતા તે રાજેશ ખન્નાની પહેલી હીરોઈન બબીતા હતી. જો કે 'દસ લાખ'માં સંજય ખાન છે અને તેની પહેલી સફળ ફિલ્મ પણ 'દસ લાખ'છે. બીબતા સફળ ગઈ અને નિર્માતા તેની પાછળ પડી ગયાં અને જોતજોતામાં જીતેન્દ્રની નાની જ હતી અને લગ્ન પછી દિગ્દર્શક તરીકે રણધીર આગળ ન વધી શક્યો અને 1980 સુધીમાં તો તેઓ અલગ થઈ ગયા. એ તો સારું કે કાયદેસર રીતે છૂટા ન થયા અને 2007માં બબીતા પાછી ફરી. રણધીરે પણ તેને સ્વીકારી. બંને એ છૂટા રહ્યા દરમ્યાન કોઈ સાથે સંબંધ વિકસાવ્યા નહોતા. પણ બબીતાને લગ્ન પછી ફિલ્મો છૂટી ગઈ તે ગમ્યું નહોતું. હા, આર. કે. ફિલ્મ્સની જ ફિલ્મમાં તે હિરોઈન બની હતી અને એવો ચાન્સ ક્યારેય નીતુને મળ્યો નથી. બબીતા જ્યારે રણધીર પાસે પાછી ફરી ત્યાં સુધીમાં કરિશ્મા-કરીના મોટી થઈ ચુકી હતી અને તે બંને ફિલ્મોમાં આવી તે બબીતાની જ ઈચ્છાના પરિણામે આવી. બબીતાને પૂછાયેલું કે તમે રણધીર સાથે ડાયવોર્સ કેમ નહોતા લીધેલા? તો તેનો જવાબ હતો, હું શા માટે ડાયવોર્સ લઉં? મારે કાંઈ બીજા લગ્ન નહોતા કરવા કે ડાયવોર્સની જરૂર પડે. 'હા, રણધીરે ખુદ કહ્યું છે કે હું ખૂબ દારૂ પીતો હતો, રાત્રે મોડો આવતો જે બબીતાને નહોતું ગમતું તેમાંથી અલગ થવાના કારણો હતા.

ખેર! હવે રણધીર-બબીતા સાથે જ જીવે છે અને બંને મળી કરીશ્મા-કરીનાને પરણાવ્યા પણ છે. હા, કરીશ્મા અને અભિષેક બચ્ચન પરણે એવા સંજોગો ઊભા થયેલા ત્યારે બબીતાનો વિરોધ હતો કારણ કે જેમ રાજકપૂર જેવા રણધીરનું સફળ ન હોવું તેને નહોતું ગમેલું તેમ અમિતાભ જેવી અભિષેકની સફળતા નહોતી તે તેને પસંદ નહોતું. જો કે કરિશ્માના સફળ લગ્ન ન રહ્યા તેનો તેને આઘાત જરૂર છે.

બબીતા આ 20 એપ્રિલે 78 વર્ષની થઈ છે અને તંદુરસ્તી જાળવીને મૌજથી જીવે છે. સાધના કે જે તેના કાકાની જ દિકરી હતી તેની સાથે ફેમિલી પ્રોબ્લેમ થયેલા એટલે એકબીજા વિશે જાહેરમાં વાત કરતા નહોતા. સાધના તેનાં મૃત્યુ વખતે પણ લગભગ એકલી જ હતી. બબીતા અને સાધના વચ્ચેનાં સંબંધો વિશે વધુ વાત કરવા જેવી નથી, બાકી બબીતાનાં સસરા રાજકપૂર અને સાધના 'દુલ્હા દુલ્હન'માં સાથે હતા.

સાધના તો શમ્મી કપૂરની પણ હીરોઈન હતી અને હા, બબીતાએ તો કાકા સસરા શશી કપૂર સાથે પણ 'હસીના માન જાયેગી' અને 'એક શ્રીમાન એક શ્રીમતી'માં અને શમ્મી કપૂર સાથે 'તુમ સે અચ્છા કૌન હૈ'માં કામ કરેલું પણ તે તો લગ્ન પહેલાની ફિલ્મો છે. પરદા પરની આ કહાણીથી બહુ જૂદી કહાણી અંગત જીવનની હોય છે. બીબતા આ ફરક જાણે છે એટલે રણધીર સાથે પરણ્યા પછી તેણે બહુ ઈન્ટરવ્યુ પણ નથી આપ્યા. તે બહુ સમજદાર લેડી છે. ●

# ...અને મેરઠની યાસ્મિન રામ તેરીની મંદાકિની બની ગઈ

કિસ્સા કહાની

રાજકપૂરે બનાવેલી ફિલ્મોમાં 'રામ તેરી ગંગા મૈલી'નું સ્થાન પણ ખૂબ અગત્યનું છે આ ફિલ્મ વિશે કેટલીક ન જાણેલી વાતો જાણવા જેવી છે. આ ફિલ્મમાં રાજકપૂરના સૌથી નાના દિકરા રાજીવકપૂરે કામ કરેલું તે તો બધા જાણે છે પણ ફિલ્મનું શૂટિંગ શરૂ થયા પછી પણ હીરોઈન નક્કી નહોતી. જે ભૂમિકા પછી મંદાકિનીએ કરી પણ તે પહેલાં રાજકપૂર ડિમ્પલ કાપડિયા અને પદ્મિની કોલ્હાપૂરેનાં સ્ક્રિન ટેસ્ટ લીધેલા કારણ કે તેની સાથે તો કામ કરી ચુક્યા હતાં પણ તેમને લાગ્યું કે હિમાલયની પહાડી છોકરી તરીકે આ બંને જામશે નહીં. તેઓ ફિલ્મનું શૂટિંગ કરતા રહ્યા અને સેટ પર જ નવી નવી છોકરીઓનાં સ્ક્રિન ટેસ્ટ પણ લેતા રહ્યા. એક વાર તેઓ શિવાજી પાર્ક પાસેના દુર્ગાપૂજાનાં પંડાલમાં શૂટિંગ કરતા હતા ત્યારે એક ગોરી, ભૂરી આંખોવાળી છોકરી સ્કિન ટેસ્ટ માટે આવી.

તેને ગંગાના પાત્ર માટેના કપડા પહેરાવાયા અને સ્કિન ટેસ્ટ લેવાયો. રાજકપૂરને પર્ફેક્ટ લાગી. એ છોકરી મેરઠથી આવેલી યાસ્મિન જોસેફ હતી. રાજકપૂરે તેને મંદાકિની નામ આપ્યું જે હિમાલયની જ એક નદીનું નામ છે. આ ફિલ્મમાં ભગવત ચૌધરીનું પાત્ર છે જે રઝા મુરાદે ભજવ્યું છે. શરૂમાં તેઓને નહીં પણ અમરીશ પુરીને લેવાયેલા પણ તેમણે રાજ કપૂરને કહ્યું કે મારી ફી પાંચ લાખ રૂપિયા છે. રાજકપૂર આટલી બધી ફી આપવા નહોતા માંગતા એટલે રઝા મુરાદ લેવાયા.

આ ફિલ્મના શૂટિંગ વખતે રાજકપૂરની તબિયત સારી નહોતી રહેતી અને શૂટિંગ માટે હિમાલયની હર્ષિલ ખીણ અને ગંગોત્રી પસંદ કરાયેલા. રાજકપૂરને શ્વાસો લેવામાં તકલીફ પડતી એટલે ઘણીવાર આ સ્થળના બદલે બીજે શૂટિંગ કરવું પડયું છે. એક દશ્યમાં સી. એસ. દુબે કે જે બનારસી પંડિતની ભૂમિકામાં છે અને બનારસના ઘાટ પર ગંગા (મંદાકિની)ને છોડી દે છે. આ દશ્ય બનારસ નહીં મહારાષ્ટ્રના વાઈ શહેરમાં એક નદી કિનારે ફિલ્માવાયેલું. 'રામ તેરી ગંગા મૈલી હો ગઈ' ગીત પણ આર. કે. સ્ટૂડિયોમાં બનારસનો સેટ લગાડી ફિલ્માવાયેલું.

પણ ગંગોત્રી અને હર્ષિલમાં શૂટિંગ કરનારા રાજકપૂર જ હતા. મંદાકિની સાથે રવાઈ ઘાટીમાં શૂટિંગ કરાયેલું એ વિસ્તાર મંદાકિનીનાં નામથી જ ઓળખાય છે. ●



# રાજેશ ખન્નાની ફિલ્મ હોય એટલે કાશમીરમાં શૂટિંગ પાક્કું જ

લોકેશન

કાશ્મીરમાં હવે જવું કે ન જવું એ વિશે લોકો વિચારે છે પણ એક સમય એવો હતો કે ફિલ્મવાળા આ કાશ્મીરમાં જ સૌથી વધુ શૂટિંગ કરતા હતા. દાલ લેક અને ગુલમર્ગ ફેવરીટ હતા. રાજેશ ખન્નાની ઘણી ફિલ્મો અહીં ફિલ્માવવામાં આવી છે. 'આપકી કસમ'માં 'જય જય શિવશંકર, કાંટા લગે ના કંકર' ગીત છે તે અહીંના શંકરાચાર્ય મંદિરમાં ફિલ્માવાયેલું જિંદગી કે સફર મેં ગુજર જાતે હે જો મકામ'ગીત કાશ્મીરના અનેક સ્થળ ઉપરાંત ગુલમર્ગના ચર્ચમાં ય ફિલ્માવાયેલું. 'રોટી' ફિલ્મમાં 'યે જો પબ્લિક હૈ સબ જાનતી હૈ' ગીત પહેલગામમાં ફિલ્માવાયેલું. 'અવતાર' ફિલ્મમાં માતા વૈષ્ણો દેવી પર ફિલ્માંકન થયેલું. ●

# એક રૂપિયાને લીધે સચિનદાએ મિત્રને છોડી દીધો





મ્યુઝિકલી યોર્સ

સચિન દેવ બર્મન બહુ જુદા મિજાજનાં સંગીતકાર હતા અને તેમના સંગીતમાં અનેક શાસ્ત્રીય રાગો, લોકધૂન અને હિમાલયનાં વાદ્યોનો પણ પ્રવેશ થયો. તેમના ઘણા ગીતો પહેલા બંગાળીમાં કમ્પોઝ થયા હોય ને બંગાળી ફિલ્મમાં તેનો ઉપયોગ થયો હોય તેવા પણ છે. સચિનદા વર્ષમાં ફક્ત બે જ ફિલ્મમાં સંગીત આપવાનું પસંદ કરતા. કોઈ નિર્માતા આગ્રહ કરે તો તરત મોઢે જ કહી દે કે, 'અત્યારે હું બે ફિલ્મમાં સંગીત આપું છું, જો તમારે મારું સંગીત જોઈતું હોય તો આવતા વર્ષે આવજો. 'સચિનદાને પૈસાની લાલચ નહોતી. અરે, ઘણીવાર તો તેઓ સામે ચાલીને પોતાને મળેલી ફિલ્મ આપી દેતા. 'મધુમતી' ફિલ્મ માટે સચિન દા જ સંગીતકાર હતા પણ બિમલ રોય પાસે 'મધુમતી'ની વાર્તા સાંભળ્યા પછી કહ્યું કે, 'તમે સલીલ ચૌધરીને કહો' અને આખર સલીલ દાએ જ સંગીત આપ્યું. સામે ચાલીને દિલીપકુમાર વૈજયંતીમાલા હોય, બિમલદાની ફિલ્મ હોય તો કોણ ના પાડે? સચિનદા પાડે. અરે, 'હમ દોનો' માં જયદેવને તક અપાવનાર સચિનદા હતા. નવકેતનની ફિલ્મમાં સચિનદા જ હોય. જયદેવ તે વખતે સચિનદાના સહાયક હતા અને 'હમદોનો' વડે તેઓ યશ પામ્યા. સચિનદા પોતાની રીતે કામ કરવાનું જાણતા અને તેમને કોઈ વટલાવી શકતું નહી. સાહિર લુધ્યાનવી સાથે તેમને ખૂબ બનતું પણ 'પ્યાસા' પછી 'કાગઝ કે ફૂલ'માં સંગીત આપવાનું આવ્યું ત્યારે સાહિર સાથે એક મુદ્દે ટંટો થયો હતો. સાહિરનો આગ્રહ હતો કે તેમને સચિન દેવ બર્મનથી વધારે ફી મળવી જોઈએ. વધારે એટલે બસ એક રૂપિયો વધારે. સચિનદા કહે કે તે તો શક્ય નથી. વાત તણાતણી પર પહોંચી અને આખરે સાહિર-સચિનદા અલગ થયા. સાહિરની જગ્યાએ કૈફી આઝમી લેવાયા.

તેમના ગીત સર્જન પ્રક્રિયા પણ ઘણી રસપ્રદ હતી. 'બંબઈકા બાબુ'માં દેખને મેં ભોલા હૈ દિલ કા સલોના બંબઈ સે આયા હૈ બાબુ ચિન્નના.. આમાં 'ચિનન્ના' શબ્દ તેલુગુ ભાષાનો છે. વાત એમ બનેલી કે વહીદા રહેમાનની તેલુગુ ફિલ્મ 'રાજુલુ મરાઈ'માં તેલુગુ લોકગીત આધારીત ગીત હતું. 'એરુવાકા સગારુ રાન્નુ ચિનન્ના' સચિનદાને એ ગીતની ધૂન બહુ ગમી ગઈ. તેમણે વહીદાજીને કહ્યું કે, 'તું મને ગાયને સંભળાવ'. વહીદાજી કહે, 'પણ હું ગાયિકા નથી! સચિનદા કહે, 'અરે, હું કાંઈ ગીતને રેકોર્ડ નથી કરવાનો. બસ, ગાય સંભળાવો! વહીદાજીએ ગાયુ અને સચિનદાએ ધૂન બનાવી, 'દેખને મેં ભોલા હે દિલ કા સલોના, બંબઈ સે આયા હે બાબુ ચિનન્ના! પણ 'નાચે મન મોરા' ગીતની વાત વળી જૂદી છે. એ ગીતમાં 'તિગદા ધીગી ધીગી' જેવા તબલાના બોલ છે. બિંદાદિન મહારાજ નામના કથકના મહાન નૃત્યકાર જ્યારે પણ શિષ્યોના કથક શીખવતા ત્યારે આ શબ્દો બોલતા 'તિગધા ધીગી ધીગી' આ શબ્દો મન્નાડેએ સાંભળેલા. તેમણે સચિનદાને વાતવાતમાં કહેલા અને શૈલેન્દ્રએ ગીત લખતી વેળા તેને સમાવી લીધા. આ ગીતમાં પંડિત સામલા પ્રસાદે જર્બદસ્ત તબલા વગાડેલા.

સચિનદા, કાનનાં બહુ સરવા હતા અને બીજી ભાષાના શબ્દ હોય પણ ગીતમાં લેવા જેવા લાગે તો લઈ લેતા. 'તલાશ' ફિલ્મમાં એક ગીત છે. 'આજ કો જૂનલી રાત મા', આમાં 'જૂનલી' શબ્દ નેપાળી છે. આ શબ્દ સંતોષ સીંઘ નામના એક નેપાલી પાસેથી સાંભળેલો જેનો અર્થ થતો હતો ચાંદની રાત. સચિનદાએ તેને ગીતમાં સમાવી લીધો.

આવા અનેક પ્રકારના પ્રસંગ છે જેમાં સચિનદાની કામ કરવાની નોખી રીત સમજાશે. 'આરાધના' વખતે શક્તિ સામંતે આગ્રહ કર્યો કે કિશોરે તમારા માટે ઘણા ગીત ગાયા છે. દેવઆનંદ માટે તમે તેની પાસે જ ગવડાવો છો. મારી ફિલ્મમાં રાજેશ ખન્ના તામનો નવો અભિનેતા છે અને તેના માટે કોઈ જાણીતો ગાયક ગાય તો સારું રહેશે. તમે કિશોર પાસે ગવડાવો તો કેવુ! સચિનદા કહે કે, 'ભલે હું કિશોરને બોલાવુ છું. અને બસ, ઈતિહાસ રચાઈ ગયો. સચિનદાને યાદ કરવાનાં કારણો તેમના સંગીતમાં જ છે. 1937માં તેમણે બંગાળી ફિલ્મથી કારકિર્દી શરૂ કરેલી તે પહેલા કોલકાતા રેડિયોના ગાયક હતા. 1944માં તેઓ શરાધર મુખરજીના કહેવાથી મુંબઈ આવ્યા અને 'શિકારી', 'આઠ દિન' થી હિન્દી ફિલ્મોની શરૂઆત કરી. દેવઆનંદના તેઓ ફેવરીટ હતા અને પછી રાજેશ ખન્નાને સ્ટાર બનાવવામાં તેમના સંગીતે ફાળો આપ્યો. સચિન દેવ બર્મન ન ભુલાય તેવા સંગીતકાર છે. ●

**સચિનદા પોતાની રીતે કામ કરવાનું જાણતા અને તેમને કોઈ વટલાવી શકતું નહી. સાહિર લુધ્યાનવી સાથે તેમને ખૂબ બનતું પણ 'પ્યાસા' પછી 'કાગઝ કે ફૂલ'માં સંગીત આપવાનું આવ્યું ત્યારે સાહિર સાથે એક મુદ્દે ટંટો થયો હતો. સાહિરનો આગ્રહ હતો કે તેમને સચિન દેવ બર્મનથી વધારે ફી મળવી જોઈએ. વધારે એટલે બસ એક રૂપિયો વધારે. સચિનદા કહે કે તે તો શક્ય નથી. વાત તણાતણી પર પહોંચી અને આખરે સાહિર-સચિનદાન અલગ થયા. સાહિરની જગ્યાએ કૈફી આઝમી લેવાયા.**